ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના ૧૮૫૩

પંચમહાલ-દાહોદ

ગુરુવાર ૨૯ ઓક્ટોબર, ૨૦૨૫ | દાહોદ કાર્યાલય : સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785

ખનિજ માફિયાઓમાં ફફડાટ | **દાહોદ ખાણ ખનીજ વિભાગ તેમજ સીંગવડ મામલતદારની સંયુક્ત ટીમની કામગીરી**

સિંગવડના ચુંદડી ગામેથી પાંચ ટ્રકો ઝડપાઈ

ક્વાર્ટઝ ખનીજ બિનઅધિકૃત ખનન વહન કરતાં ઇસમોમાં ફફડાટ વ્યાપી ગયો

એક જેસીબી મશીન સીઝ કરી આશરે 10થી 15 લાખનો મુદ્દા માલ જપ્ત કર્યો

(પ્રતિનિધિ) સિંગવડ, તા.28

દાહોદ ખાણ ખનીજ વિભાગ તેમજ સીંગવડ મામલતદાર ની સંયુક્ત ટીમ દ્વારા સીંગવડ તાલુકાના ચુંદડી ગામે થી ક્વાર્ટઝ ખનીજ બિનઅધિકૃત ખનન વહન કરતાં કુલ પાંચ ટ્રકો તેમજ એક જેસીબી મશીન સીઝ કરી આશરે 10થી 15 લાખનો મુદ્દા માલ જપ્ત કરી દંડકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી

દાહોદ જિલ્લાના સિંગવડ તાલુકાના ચુંદડી ગામે ખાણ-ખનીજ વિભાગ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવતાં ખનીજ ભરેલી પાંચ ટ્રકો મળી આવી હતી આ કાર્યવાહીથી ખાણ-ખનીજ વિભાગ મામલતદાર સિંગવડ અને પોલીસ પ્રશાસન સક્રિય બન્યાં હતાં

માહિતી અનુસાર ચુંદડી ગામે મળેલી બાતમીના આધારે સિંગવડના મામલતદાર શ્રી પોલીસ પ્રશાસન અને ખાણ-ખનીજ વિભાગના અધિકારીઓને જાણ કરવામાં આવી હતી ત્યારબાદ સંબંધિત વિભાગોના અધિકારીઓએ સંયુક્ત રીતે સ્થળ પર પહોંચીને તપાસ હાથ ધરી હતી તપાસ દરમિયાન સ્થળ પરથી સફેદ પથ્થર ભરેલી કુલ પાંચ ટ્રકો મળી આવી હતી આ ટ્રકોમાં ભરેલા ખનીજ અંગે જરૂરી તપાસ અને કાયદેસરની કાર્યવાહી માટે અધિકારીઓએ તમામ પાંચ ટ્રકોને સિંગવડ તાલુકા મથકે લાવી કાર્યવાહી કરવામાં આવી ખાણ-ખનીજ વિભાગની કાર્યવાહીથી ખનીજ વહન કરતા વાહનચાલકોમાં ચર્ચા ચાલી રહી છે. ચુંદડી ગામે થયેલી આ કાર્યવાહીને પગલે સમગ્ર વિસ્તારમાં ચર્ચા જાગી છે ખનીજનું વહન કાયદેસર હતું કે નહીં, જરૂરી પરવાનગીઓ લેવામાં આવી હતી કે નહીં અને પકડાયેલા ખનીજની કુલ કિંમત 10 થી 15લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. ખનિજ વિભાગ અને મામલતદારની સંયુક્ત કામગીરીથી બિનઅધિકૃત રીતે રેતી વહન કરતા અને ખનન કરનારાઓમાં એક જાતનો ફફડાટ જોવા મળી રહ્યો છે

આગામી તહેવારોને ધ્યાનમાં રાખી તંત્રે સપાટો બોલાવ્યો

પંચમહાલ ખોરાક અને ઔષધ નિયમન તંત્રે ગોધરામાં શંકાસ્પદ ઘીના નમૂના લીધા

નાગરિકોના સ્વાસ્થ્યની સુરક્ષાના ભાગરૂપે પંચમહાલમાં મિઠાઈ અને ખાદ્ય તેલની તપાસ આદરી

(પ્રતિનિધિ) ગોધરા, તા.28

આગામી તહેવારોની મોસમમાં નાગરિકોને શુદ્ધ અને ગુણવત્તાયુક્ત ખાદ્ય પદાર્થો મળી રહે તે હેતુથી, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગોધરાના ફૂડ સેફ્ટી ઓફિસરો દ્વારા પંચમહાલ જિલ્લામાં મિઠાઈ, નમકીન, ડ્રાયફ્રૂટ, મુખવાસ, ખાદ્ય તેલ, ઘી, બેસન, દૂધ અને દૂધની બનાવટો તેમજ અન્ય રો મટીરિયલ્સની વિશેષ ડ્રાઇવ શરૂ કરવામાં આવી છે. આ ડ્રાઇવ દરમિયાન ફૂડ સેફ્ટી ટીમ દ્વારા ગતરોજ ડૉ. ગિધવાણી રોડ, ગોધરા સ્થિત પેઢી કિશોરકુમાર થાવરદાસ હેમનાની ખાતે તપાસ હાથ ધરવામાં આવી હતી.

તપાસ દરમિયાન શંકાસ્પદ જણાતા ઘીના ૩ (ત્રણ) નમૂનાઓ ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ હેઠળ પૃથ્થકરણ અર્થે વેચાણે લઈ ગુજરાત સરકારની લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે, જેનો રિપોર્ટ આવ્યા બાદ આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ઉપરાંત, બાકી રહેલ ઘીનો જથ્થો એફ.બી.ઓ.ની સેફ કસ્ટડીમાં સીઝ કરવામાં આવ્યો છે, જેની અંદાજિત કિંમત ૫૭,૨૦૦ (અંકે સત્તાવન હજાર બસો રૂપિયા પુરા) થાય છે,તેમ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, પંચમહાલ દ્વારા જણાવવામાં આવ્યું છે.

સિંગવડ તાલુકામાં 'નલ સે જલ' યોજનામાં મોટું કૌભાંડ?

સરકારી ચોપડે તો પાણી પહોંચ્યું પણ ઘરમાં હજુય નળ સુકાભટ્ટ !

સંતરામપુર કરતા પણ મોટું કૌભાંડ બહાર આવવાની શક્યતા

(પ્રતિનિધિ) સિંગવડ, તા.28

સિંગવડ તાલુકામાં કેન્દ્ર સરકારની મહત્વકાંક્ષી નલ સે જલ યોજના માં મોટા પાયે ભ્રષ્ટાચાર થયો હોવાની લોકોમાં ભારે ચર્ચા ચાલી રહી છે. તાલુકાના ઘણા ગામડાઓમાં હજુ સુધી લોકોને પીવાનું પાણી મળ્યું જ નથી, જ્યારે સરકારી ચોપડે તો આ તમામ ગામોમાં પાણી પહોંચી ગયું છે તેવું બતાવવામાં આવી રહ્યું છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, આ યોજના હેઠળ ખાલી શોભાના ગાંઠિયા સમાન પાઇપલાઇન નાખી દેવામાં આવી છે અને ઘરે-ઘરે નળ ઊભા કરી દેવામાં આવ્યા છે. પરંતુ તે નળમાં આજ દિન સુધી પાણી આવ્યું જ નથી. ઘણા ગામોમાં તો યોજના માટે નવા કુવા બનાવવાના હતા, તે પણ બનાવવામાં આવ્યા નથી. તેના બદલે જુના સરકારી કુવામાંથી જ પાઇપલાઇનો ખેંચી લેવામાં આવી છે.

ઘણા ગામોમાં જે પાણીની ટાંકીઓ બનાવવામાં આવી છે, તેની હાલત પણ અત્યંત તકલાદી જોવા મળી રહી છે. હલકી ગુણવત્તાના મટીરીયલના ઉપયોગને કારણે ટાંકીઓ ક્યારેક પણ ધરાશાયી થાય તેવી સ્થિતિમાં છે.

અગાઉ સંતરામપુર તાલુકામાં નલ સે જલ યોજનામાં જે કૌભાંડ બહાર આવ્યું હતું, તેના કરતા પણ મોટું કૌભાંડ સિંગવડ તાલુકામાં બહાર આવે તેવી શક્યતા છે. લોકમુખે ચર્ચા છે કે સરકારી અધિકારીઓની મિલીભગત વગર આટલા મોટા પાયે ભ્રષ્ટાચાર થઈ જ શકે નહીં. ત્યારે સરકારના ઉપરી અધિકારીઓ દ્વારા આ સમગ્ર મામલે તટસ્થ અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવે અને સરકારે કરોડો રૂપિયાનો ખર્ચ કરીને લોકોને ઘરે-ઘરે પીવાનું પાણી મળી રહે તે માટે જે યોજના બનાવી હતી, તેને ખરા અર્થમાં સાર્થક કરવામાં આવે તેવી લોકોની પ્રબળ માંગ ઉઠી છે.

કાલોલના મોકળ ગામનો બનાવ

છ વર્ષ જુના હુમલાના કેસમાં કાલોલ કોર્ટે બે આરોપીઓને ફટકારી સજા

કેસમાં બે નિર્દોષ જાહેર કરાયા

(પ્રતિનિધિ) કાલોલ, તા.28

પંચમહાલ જિલ્લાના કાલોલ ખાતેની એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટ દ્વારા જમીન વિવાદ બાબતે થયેલા મારમારીના એક કેસમાં મહત્ત્વનો ચુકાદો આપવામાં આવ્યો છે. સરકારી વકીલ આર.કે. રાઠોડ દ્વારા રજૂ કરવામાં આવેલી ધારદાર દલીલો અને પુરાવાઓને ધ્યાને રાખીને કોર્ટે આરોપીઓને દોષિત ઠેરવ્યા છે.

પંચમહાલ જિલ્લાના કાલોલ એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટે ૧૯ જૂન ૨૦૨૦ના રોજ જમીન વિવાદ બાબતે થયેલી મારમારીના કેસમાં મહત્ત્વનો ચુકાદો આપ્યો છે. સરકારી વકીલ આર.કે. રાઠોડની ધારદાર દલીલો અને પુરાવાઓને આધારે કોર્ટે આરોપી અશ્વિનભાઈ પર્વતભાઈ ચૌહાણ અને ચંદુભાઈ અનોપસિંહ ચૌહાણને આઈ.પી.સી. કલમ ૩૨૩ હેઠળ દોષિત ઠેરવી એક વર્ષની સજા અને દંડ ફટકાર્યો હતો. જો કે, આરોપીઓની પ્રથમ અપરાધની પૃષ્ઠભૂમિને ધ્યાને રાખી તેમને પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એક્ટની કલમ-૪ હેઠળ પ્રોબેશન પર મુક્ત કરવામાં આવ્યા છે. સાથે જ, કોર્ટે દોષિતોને ફરિયાદી વિઠ્ઠલભાઈ ચૌહાણને રૂ. ૧૦,૦૦૦ અને મણીબેન ચૌહાણને રૂ. ૫,૦૦૦ વળતર પેટે ચૂકવવાનો આદેશ કર્યો છે, જ્યારે અન્ય બે આરોપીઓને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે.

દિશા સમિતિની બેઠકમાં વિવિધ વિકાસલક્ષી યોજનાઓની પ્રગતિની સમીક્ષા કરાઈ

ગોધરામાં પંચમહાલ જિલ્લા સાંસદના અધ્યક્ષસ્થાને દિશા સમિતિની બેઠક યોજાઈ

(પ્રતિનિધિ) ગોધરા, તા.28

કલેક્ટર કચેરી ખાતે જિલ્લા વિકાસ સંકલન અને દેખરેખ સમિતિ (દિશા - DISHA) ની બેઠક લોકસભા સાંસદ રાજપાલસિંહ જાદવના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી.

બેઠક દરમિયાન કેન્દ્ર સરકારની વિવિધ વિકાસલક્ષી યોજનાઓના અમલીકરણ અને પ્રગતિની સમીક્ષા કરવામાં આવી હતી. જેમાં સાંસદ સ્થાનિક વિસ્તાર વિકાસ યોજના (MPLADS), પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના (PMGSY), રાષ્ટ્રીય સામાજિક સહાય કાર્યક્રમ (NSAP), પ્રધાનમંત્રી આવાસ યોજના (PMAY), સ્વચ્છ ભારત મિશન (SBM), અટલ મિશન ફોર રિજુવનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન (AMRUT), ખેલો ઇન્ડિયા, રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના (RKVY) સહિત વિવિધ ક્ષેત્રોની યોજનાઓની કામગીરીની ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં સંબંધિત વિભાગોના અધિકારીઓ પાસેથી યોજનાવાર કામગીરીની વિગતો મેળવી, અમલીકરણની સ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી. સરકારી યોજનાઓનો લાભ પાત્ર લાભાર્થીઓ સુધી સમયસર પહોંચે અને વિકાસલક્ષી કામગીરી અસરકારક રીતે પૂર્ણ થાય તે માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ઘોઘંબાના મૂળાની કાપડી ગામે દીપડાનો આતંક

મકાનમાં ઘૂસેલા દીપડાએ ચાર બકરાંનો શિકાર કર્યો

(પ્રતિનિધિ) જાંબુઘોડા, તા.28

પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાના મૂળાની કાપડી ગામે દીપડાની હાજરીથી ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો છે. ગામમાં બારિયા બાબુભાઈ સોમાભાઈના રહેણાક મકાનમાં દીપડો ઘૂસી જતાં ચાર બકરાંનો શિકાર કર્યો હતો. આ ઘટનાને પગલે પશુપાલકને મોટું નુકસાન થયું છે, જ્યારે રહેણાક વિસ્તારમાં દીપડાની ઘૂસણખોરીથી લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, મૂળાની કાપડી ગામે દીપડો રહેણાક મકાનમાં ઘૂસી આવ્યો હતો અને ત્યાં બાંધેલાં ચાર બકરાંને મારી નાખ્યાં હતાં. રહેણાક વિસ્તારમાં દીપડો ઘૂસી પશુધનનો શિકાર કરતો હોવાની ઘટનાથી ગ્રામજનોમાં ચિંતા વ્યાપી છે. ખાસ કરીને રાત્રિના સમયે લોકો અને પશુધનની સુરક્ષાને લઈને ગ્રામજનોમાં ભય જોવા મળી રહ્યો છે.

વડોદરા-ગોધરા-દાહોદ-રતલામ વચ્ચે ૮,૮૮૫ કરોડના ખર્ચે ૨૫૯ કિમી લાંબો પ્રોજેક્ટ

લીમખેડામાં રેલવેની નવી ૨ લાઈન માટે જમીન સંપાદનની તૈયારી, મુખ્ય બજારનું ચિત્ર બદલાશે

(પ્રતિનિધિ) લીમખેડા, તા.28

લીમખેડા નગરમાંથી પસાર થનારી રેલવેની નવી 2 લાઈનને લઈને જમીન સંપાદનની કામગીરી ટૂંક સમયમાં શરૂ થવાની શક્યતા છે. હાલની 2 રેલવે લાઈનની સાથે વધુ 2 નવી લાઈનનું નિર્માણ થવાનું હોવાથી લીમખેડાના રેલવે માર્ગની આસપાસના વિસ્તારોમાં મોટા ફેરફારો થવાની સંભાવના છે. આ પ્રોજેક્ટથી લીમખેડાના મુખ્ય બજારની ભૌગોલિક રચના બદલાવાની સાથે સ્થાનિક વેપાર-ધંધા અને રોજગાર પર પણ અસર પડી શકે છે. વડોદરા-ગોધરા-દાહોદ-રતલામ રેલવે કોરિડોર પર ત્રીજી અને ચોથી રેલવે લાઈન નાખવાનો આ પ્રોજેક્ટ આશરે 259 કિલોમીટર લાંબો છે, જેનો અંદાજિત ખર્ચ 8,885 કરોડ છે. આ યોજનાનો મુખ્ય હેતુ ગુજરાત અને મધ્ય પ્રદેશ વચ્ચેના વ્યસ્ત રેલવે માર્ગની ક્ષમતા વધારવાનો, મુસાફર ટ્રેનો અને માલગાડીઓની અવરજવર વધુ સુગમ બનાવવાનો તથા રેલવે વ્યવસ્થાને મજબૂત કરવાનો છે. 8 સપ્ટેમ્બર 2026ના રોજ વડોદરામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આ પ્રોજેક્ટનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો. લીમખેડામાં નવી રેલવે લાઈન માટે સરકારી જમીન, ગામતળ, ગૌચરની જમીન તેમજ કેટલીક ખાનગી માલિકીની જમીનો સંપાદિત કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવે તેવી શક્યતા છે. રેલવેના નિર્ધારિત રૂટમાં આવતાં મકાનો અને દુકાનો પણ સંપાદન હેઠળ આવી શકે છે. જોકે, કઈ જમીન, મકાન કે દુકાન અસરગ્રસ્ત થશે તે અંગેની ચોક્કસ વિગતો અંતિમ માપણી, મંજૂર નકશા અને સત્તાવાર જમીન સંપાદન નોટિસ બાદ જ સ્પષ્ટ થશે. લીમખેડાનું મુખ્ય બજાર સ્થાનિક વેપારનું મહત્ત્વનું કેન્દ્ર છે. જો બજાર વિસ્તારની કેટલીક દુકાનો અને મિલકતો નવી રેલવે લાઈનના નિર્માણમાં આવશે તો વેપારીઓને સ્થળાંતર કરવાની સ્થિતિ ઊભી થઈ શકે છે. તેની અસર દુકાનદારો, નાના વેપારીઓ, ભાડે દુકાન રાખીને વ્યવસાય કરતા લોકો તેમજ સ્થાનિક રોજગાર સાથે સંકળાયેલા પરિવારો પર પડી શકે છે. બીજી તરફ, રેલવેની ક્ષમતા વધવાથી લાંબા ગાળે પરિવહન અને આર્થિક પ્રવૃત્તિઓને લાભ મળવાની અપેક્ષા છે.

વેજલપુર ખરસાલીયા ચોકડી પાસેનો બનાવ

ટ્રકની અડફેટે બાઈક ચાલકનુ ઘટનાસ્થળે મોત

બાઇક પાછળ બેસેલી પત્નિને શારીરક ઇજાઓ પહોચી

(પ્રતિનિધિ) ગોધરા, તા.28

ગોધરા વડોદરા હાઈવે વેજલપુર ગામ ખરસાલીયા ચોકડી નજીક ટ્રક કન્ટેનર ચાલકે બાઈક ચાલક ને અડફેટમાં લેતા ૫૦ વર્ષ ના બાઈક ચાલક નું ઘટના સ્થળે કમકમાટી ભર્યું મોત પત્ની ને ઈજા પ્રાપ્ત મળતી માહિતી મુજબ હાલોલ ગામનો વતની ગોધરા તરફ પોતાની બાઈક લઈ હાલોલ થી ગોધરા તરફ મરણ વિધિ માં જઈ રહયો હતો તે સમયે ગોધરા વડોદરા હાઈવે વેજલપુર ગામ ખરસાલીયા ચોકડી નજીક ટ્રક કન્ટેનર નંબર UP-78-HT-8 004 ના ચાલકે તેના કબજા ની ટ્રક પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી હાલોલ ના બાઈક ચાલક અનવરભાઈ નુર મોહમંદ લુહાર ઉ.વ.૫૦ તથા તેઓની પત્ની ઝાહેદા નાઓની મો.સા. નંબર GJ-17-CL-3129 નાની ને ટક્કર મારી એકસીડન્ટ કરી રોડ ઉપર પાડી દઈ અનવર ભાઈ નાઓને શરીરે ગંભીર ઈજાઓ કરી સ્થળ ઉપર મોત નીપજાવી તેમજ મો.સા. પાછળ બેઠેલ ઝાહેદા નાઓને શરીરે ઓછી વત્તી ઈજાઓ કરી ટ્રક નો ચાલક ઘટના સ્થળે ગાડી મૂકી ફરાર થયો હતો.

પંચમહાલમાં પીએમ કિસાન યોજનાનો ૨૪મો હપ્તો અપાશે

સ્વામિનારાયણ મંદિર ખાતે જિલ્લા કક્ષાનો પી.એમ.કિસાન ઉત્સવ કાર્યક્રમ યોજાશે

(પ્રતિનિધિ) ગોધરા, તા.28

પી.એમ.કિસાન ઉત્સવ કાર્યક્રમ અંતર્ગત પંચમહાલ જિલ્લામાં પીએમ કિસાન યોજનાનો ૨૪મો હપ્તો રીલીઝ કરવા માટે આગામી તા.૩૦ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ જિલ્લાકક્ષાનો કાર્યક્રમ સ્વામિનારાયણ મંદિર ખાતે યોજાશે. આ કાર્યક્રમ અંતર્ગત જિલ્લાના વિવિધ તાલુકાઓમાં જિલ્લા પંચાયત સીટ દીઠ પણ આ કાર્યક્રમ યોજાનાર છે. જેમાં ગોધરા તાલુકામાં જોઈએ તો, અંબાલી સીટ માટે બીઆરસી ભવન અને સારંગપુર પ્રાથમિક શાળા. અસારડી સીટ માટે કલ્યાણા દૂધ મંડળી અને ગોલી ગ્રામ પંચાયત. એરંડી સીટ માટે આંગળીયા અને લાડપુર. ગોલ્લાવ સીટ માટે ગોલ્લાવ દૂધ મંડળી અને સરસાવ ગ્રામ પંચાયત. કાંકણપુર સીટ માટે એપીએમસી કાંકણપુર અને ધાણીત્રા. નદીસર સીટ માટે કન્યા શાળા નદીસર અને ટીંબા હાઈસ્કૂલ. ઓરવાડા સીટ માટે મુખ્ય પ્રાથમિક શાળા ઓરવાડા અને પિપલીયા પૂર્વ. સામીલ સીટ માટે કાલીયાવાવ અને મેહલોલ શિશુ મંદિર તેમજ સાંપા સીટ માટે કંકુથાંભલા અને કોટડા ખાતે કાર્યક્રમ યોજાશે.

મોરવા હડફ તાલુકામાં સાલીયા સીટ માટે કસનપુર અને ખાબડા. મોરવા (હ) સીટ માટે અંબામાતા મંદિર અને કુવાઝર. વંદેલી સીટ માટે હનુમાનજી મંદિર વંદેલી અને ખેડાપા. રજાયતા સીટ માટે સાગવાડા અને નવાગામ. મોરા સીટ માટે એપીએમસી મોરા અને રતનપુર ગ્રામ પંચાયત ખાતે આયોજન કરાયું છે.હાલોલ તાલુકામાં કંજરી સીટ માટે દુણીયા હનુમાનજી મંદિર અને મસવાડ ટ્રેનિંગ સેન્ટર. રવાલીયા સીટ માટે પાનેલાવ અને હડબીયા ગ્રામ પંચાયત. તરખંડા સીટ માટે અભેટવા સમાજઘર અને પાવાગઢ આદેશ આશ્રમ. શિવરાજપુર સીટ માટે મહાદેવ મંદિર અને છાનતલાવડી. તલાવડી સીટ માટે સુરબાર મંદિર અને ઢીંકવા હનુમાન મંદિર સમાજઘર ખાતે કાર્યક્રમ થશે.

ટિહી-ધાર રેલવે ખંડમાં બાંધકામની કામગીરી તેજ ગતિમાં

ઈન્દોર-દાહોદ નવી રેલવે લાઈનની નિર્માણાધીન ટનલમાં ટાવર વેગન દોડાવાયું

(પ્રતિનિધિ) દાહોદ, તા.28

ઈન્દોર-દાહોદ નવી રેલવે લાઈન પર ચાલી રહેલા બાંધકામ કાર્ય અંતર્ગત ટિહી-ધાર રેલવે ખંડમાં આવેલી ૨,૯૫૭ મીટર લાંબી નિર્માણાધીન ટનલમાં રેલવે ટ્રેકની લિકિંગ પૂર્ણ થયા બાદ ૨૬ ઓક્ટોબરના રોજ ટાવર વેગન દોડાવી સફળતાપૂર્વક નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ટનલના બંને છેડે રેલવે ટ્રેકને જોડવાની કામગીરી પૂર્ણ થયા બાદ ટિહી તરફના પી-૧ છેડેથી ટાવર વેગનને ટનલમાં પ્રવેશ કરાવી પિથમપુર તરફના પી-૨ છેડા સુધી લઈ જવામાં આવ્યું હતું. આ સફળતા મહત્વપૂર્ણ રેલવે પ્રોજેક્ટની કામગીરીમાં એક નોંધપાત્ર સીમાચિહ્નરૂપ બની છે.

પશ્ચિમ રેલવેના રતલામ મંડળના જનસંપર્ક અધિકારી શ્રી મુકેશ કુમાર દ્વારા જારી કરવામાં આવેલી અખબારી યાદી અનુસાર, મુખ્ય ઇજનેર (બાંધકામ), ચર્ચગેટ, શ્રી ધીરજ કુમારના માર્ગદર્શન હેઠળ ટિહીથી ધાર સુધીના આશરે ૪૭કિલોમીટર લાંબા રેલવે ખંડમાં બાંધકામની કામગીરી અંતિમ તબક્કામાં પહોંચી છે. આ ખંડની મહત્વપૂર્ણ કડી સમાન ૨,૯૫૭મીટર લાંબી ટનલનું કામ પણ પૂર્ણતાની નજીક છે.

પંચમહાલ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમનો સપાટો

અભેટવા ગામે નારાયણ નગરમાં મકાનમાં દરોડો પાડી ૩.૩ લાખનો દારૂ ઝડપ્યો

(પ્રતિનિધિ) ગોધરા, તા.28

પંચમહાલ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે હાલોલ તાલુકાના અભેટવા ગામે નારાયણ નગરમાં રહેણાંક મકાનમાં દરોડો પાડી ભારતીય બનાવટના વિદેશી દારૂ તેમજ બિયરનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસ કાર્યવાહી દરમિયાન મકાનમાંથી કુલ 1,210 નંગ બોટલ અને ક્વાટરિયા મળી આવ્યા હતા, જેની કુલ કિંમત 3,53,921/- થાય છે.

પ્રાપ્ત વિગત અનુસાર, એલ.સી.બી.ના પોલીસ કર્મચારીઓ હાલોલ રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન ખાનગી બાતમીદાર થકી ચોક્કસ બાતમી મળી હતી કે અભેટવા ગામના નારાયણ નગરમાં રહેતો મનોજભાઈ શાંતિલાલ પરમાર પોતાના ઘરમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ સંતાડી રાખી વેચાણ કરે છે.

આ બાતમીના આધારે પોલીસે પંચોને સાથે રાખી ઉક્ત સ્થળે દરોડો પાડ્યો હતો. પોલીસ ટીમ સ્થળ પર પહોંચી ત્યારે મકાન ખુલ્લું હતું અને કોઈ વ્યક્તિ હાજર મળી આવ્યું ન હતું. ઘરમાં પંચોની હાજરીમાં ઝડતી તપાસ કરતા બીજા ખંડમાંથી તેમજ પલંગ અને થેલાઓમાંથી અલગ-અલગ બ્રાન્ડની વ્હિસ્કી, વોડકા તેમજ બિયરના ટીનનો મોટો જથ્થો મળી આવ્યો હતો.